વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

હેમચંદ્ર થોરાત
(૧૯૩૮) ફોન: ૨૩૨૧૦૭૪૯

ચંદુલાલ મણીલાલ પટેલ
(૧૯૪૮) ફોન: ૨૩૨ ૧૦૯૦૯



બીપીન શાંતિલાલ જોશી
(૧૯૪૧) ફોન: ૨૩૨ ૨૬૭૫૦

ગણેશ ચતુર્થીના પાવન પર્વે રાજ્યપાલશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ગણેશ ચતુર્થીના પાવન પર્વનિમિત્તે રાજ્યના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. તેમના શુભ સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું છે કે વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશનું પુનીત પર્વ પરમ ભક્તિ ભાવ અને ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે, જે સમાજમાં સદ્‌ભાવ અને બંધુત્વની ભાવનાને દૃઢ બનાવવાનો સંદેશ આપે છે.

સંવત્સરી અને પર્યુષણ પર્વ પર રાજ્યપાલશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ 'સંવત્સરી' અને પર્યુષણના પુનીત પર્વે રાજ્યના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે આ પવિત્ર અવસર પર ભગવાન મહાવીરના તિતિક્ષા અને ક્ષમાના સિદ્ધાંતોનું આપણે જીવનમાં પાલન કરવું જોઈએ. તેમણે કહ્યું છે કે આ પર્વ સામાજિક જીવનમાં સુખ-શાંતિ અને સૌહાર્દને દૃઢ બનાવવાની પ્રેરણા આપનાર છે.

દરેક ગ્રામ પંચાયતના સરપંચને વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ કન્ટીજન્સી ખર્ચ તરીકે અપાશે

ગાંધીનગર ગુજરાત રાજ્ય પંચાયતી રાજ સ્વર્ણિમ જયંતી પ્રસંગે શાનદાર સરપંચ મહાસંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧૮

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે મહાત્મા મંદિર ગાંધીનગરમાં સરપંચ મહાસંમેલનમાં સરપંચશ્રીઓને ગામના ઉત્તમ વિકાસ માટેનું નેતૃત્વ પુરું પાડવા કુપોષણમુક્ત ગુજરાત બનાવવા, એકએક ગામમાં કોઈ ગરીબ આવાસથી વંચિત ના રહે અને કોઈ ઘર શૌચાલયથી વંચિત ના હોય તેવી સુખાકારીનું નેતૃત્વ પુરું પાડવા પ્રેરક આહ્‌વાન આપ્યું હતું.

આજથી સમગ્ર ગુજરાતને કુપોષણમુક્ત બનાવવા મક્કમ નિર્ધાર સાથે મિશન બલમ્ સુખમ્‌નો પ્રારંભ થયો હતો અને પ્રત્યેક ગામમાં માતા અને બાળકના પોષણ અને સ્વાસ્થ્ય માટેની પ્રવૃત્તિ સાતત્યપૂર્ણ હાથ ધરવા ગામદીઠ વાર્ષિક રૂા. બે લાખનું ખાસ અનુદાન આપવાની જાહેરાત સાથે પ્રતિકરૂપે દરેક જિલ્લાના એક સરપંચશ્રીને રૂા. બે લાખની રકમ એનાયત કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતીના ઉપલક્ષ્યમાં રાજ્ય સરકારના ઉપક્રમે ગુજરાતના ૧૩,૬૯૬ ગ્રામ પંચાયતોના સરપંચોનું મહાસંમેલન આજે ગૌરવવંતા ગ્રામ વિકાસની ઐતિહાસિક સિદ્ધિ સ્વરૂપે સંપન્ન થયું હતું. યોગાનુયોગ, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૭મી ઓક્ટોબર, ૨૦૦૧થી શરૂ થયેલા સુશાસનના ૪૦૦૦ દિવસ આજે પુરા થયા હોવાથી આ યશસ્વી રાજકીય સ્થિરતા સાથે વિકાસની સીમાચિન્હ સિદ્ધિઓને માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સરપંચશ્રીઓ દ્વારા ઉષ્માભર્યું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું.

દેશના પ્રધાનમંત્રીશ્રીએ કુપોષણને દેશની શરમ ગણાવી તેના નિવારણ માટે ચિંતા વ્યક્ત કરી હતી અને ગુજરાતે આ દિશામાં પહેલ કરીને વૈજ્ઞાનિક અભિગમ અને લોકભાગીદારીને જોડીને નિયમિત પરીક્ષણની સુવિચારિત વ્યવસ્થા સાથે મિશન મોડ ઉપર કુપોષણ સામે જંગ આંદોલનરૂપે ઉપાડવા મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત સ્ટેટ ન્યુટ્રીશન મિશનનું મિશન બલમ્ સુખમ્ શરૂ કરવાની ઘોષણા કરી હતી. આ મિશન બલમ્ સુખમ્ અન્વયે દરેક ગામમાં કુપોષિત બાળકોની સંખ્યાના સપ્રમાણરૂપ સરેરાશ રૂપિયા બે લાખની રકમ ૧૮,૦૦૦ ગામડાંને પ્રત્યેકને અપાશે એમ તેમણે જાહેર કર્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ પ્રત્યેક સરપંચના હસ્ત કન્ટીજન્સી ગ્રાન્ટરૂપે સ્વવિવેકથી ખર્ચ પેટે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦ની રકમ મુકવાની જાહેરાત કરી હતી.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગયા પચાસ વર્ષમાં પંચાયતોમાં જેમણે કોઈને કોઈ જવાબદારી નિભાવેલી એવા પૂર્વ પંચાયત પ્રતિનિધિઓનું સન્માન કરવાનો આ સરકારે ઐતિહાસિક નિર્ણય કરેલો અને તેમાં મહદ અંશે એક જ રાજકીય પાર્ટીનું પ્રભુત્વ હતું અને વર્તમાન શાસક પક્ષ એટલો પ્રભાવી હતો જ નહીં છતાં પંચાયતી રાજના ૮૯,૦૦૦ પૂર્વ પ્રતિનિધિઓનું સન્માન ગૌરવ આ સરકારે કરીને પંચાયતી રાજનું પણ ગૌરવ આ સરકારે કર્યું છે. આ સરકારને મહાત્મા મંદિરના નિર્માણમાં ગામેગામનું યોગદાન સરપંચોના નેતૃત્વમાં મળેલું છે. આ રાજ્ય અને ગામની પંચાયત અન્યોન્ય ભક્તિભાવથી ગામની સુખાકારી માટે ચિંતન કરે તે ગુજરાતમાં શકય બન્યું છે.

મુખ્ય મંત્રીશ્રીએ જે ગામે ઉત્તમ કાર્ય કરેલા છે તેને પ્રેરણાદાયક ગણાવી સમરસ ગામ, તીર્થગામ, પાવન ગામને અનુસરવા અપીલ કરી હતી. તીર્થગામની કક્ષામાં પાંચ વર્ષ સુધી કોઈ ટંટાફીસાદ થાય નહીં, કોર્ટ-કચેરી ના થાય તે જ મોટી ઘટના છે. તીર્થગામ પાસેથી રોડ એકસીડંટના કેસ નોંધાય તો પણ તેને તીર્થગામ કક્ષામાં ગણી પાશ્ચાત્ય અસરથી પુરસ્કાર અપાશે એવી સરપંચોની લાગણીનો સ્વીકાર તેમણે કર્યો હતો.

મુખ્ય મંત્રીશ્રીએ સંકલ્પ સરપંચોને આપ્યો હતો કે એકેએક ગામમાં કોઈ ઘર એવું ના હોય જયાં શૌચાલય ના હોય. આ સપનું પાર પાડવા ૧૪,૦૦૦ ગ્રામ પંચાયતોએ વચન લીધું છે. બીજા સંકલ્પરૂપે મુખ્ય મંત્રીશ્રીએ ગામેગામ ગરીબ લાભાર્થી કોઈ આવાસથી વંચિત ના રહે. છેલ્લા ૪૦ વર્ષમાં ૧૦ લાખ મકાનો બનેલા પણ ૧૦ વર્ષમાં ૧૬ લાખ મકાનો બન્યા છે અને આ એક જ મહિનામાં વધુ છ લાખ ગરીબોને આવાસના પ્લોટ અને બાંધકામ સહાયના પ્રથમ હપ્તાના ચેકો અપાઇ ગયા છે. હજુ પણ ગામેગામ સરપંચો પહેલ કરીને કાચા ઘરમાં રહેનારાને પાકુ ઘર મળે તે માટેની ઝૂંબેશ ઉપાડે. સરકાર આવા કાચા આવાસોની જગ્યાએ પાકા મકાન માટે ૨૦૧૧નું છેલ્લું વસતિ ગણતરી પરિણામ અને ૨૦૧૨ના સામાજિક-આર્થિક સેન્સસના આંકડાને પણ ધ્યાનમાં લેવા તૈયાર છે તથા કાચા મકાનમાં રહેનાર ગરીબી રેખાની નીચેના કે ગરીબી રેખાની ઉપર નિર્વાહ કરતા સૌને પાકા આવાસ મળી રહે તે માટે સરકારનું આ કાર્ય મિશન મોડ ઉપર સરપંચ ઉપાડે તેવી અપીલ કરી હતી.

ગ્રામ રાજનું સપનું પાર પાડવા સરપંચોને આહ્‌વાન કરતા મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, દરેક કામને ચૂંટણીના ત્રાજવે તોલવાની જરૂર નથી. પ્રજા હવે સારા કામને ઓળખે છે અને તેને જ સ્વીકારે છે. કોઈ ગામમાં તનાવનો ગરમાવો લાવ્યા વગર વિકાસના કામોમાં લાગી જઈએ.

દશ વર્ષમાં તો વિકાસના ખાડા પૂર્યા તેનો સંતોષ છે અને જાન્યુઆરી-૨૦૧૩થી ગુજરાતના ભવ્ય-દિવ્ય નિર્માણનો અધ્યાય શરૂ કરવાનું સપનું તેઓ પાર પાડવા કટીબદ્ધ બનશે એમ પણ તેમણે નિર્ધાર વ્યકત કર્યો હતો.

લોકસભામાં વિરોધપક્ષના નેતા સુશ્રી સુષ્મા સ્વરાજે શુભેચ્છા સંદેશમાં અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, રાજ્યના વિકાસમાં સરપંચોનું યોગદાન પ્રભાવી હોય છે. તેમણે ગુજરાતના સર્વાંગી વિકાસમાં પોતાનું યોગદાન આપવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

રાજ્યના પંચાયત મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલે ઉપસ્થિત સૌ સરપંચો-મહાનુભાવોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સ્વરાજને સુરાજ્યમાં પરિવર્તિત કરવા ગ્રામ વિકાસને સૌથી પ્રથમ પ્રાધાન્ય આપ્યું છે. રાજ્ય સરકારે ગ્રામ વહીવટને ખરા અર્થમાં ગ્રામજનોના હાથમાં સોંપીને ગ્રામ સભાના માળખાને મજબુત કર્યું છે.

મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વહીવટમાં ગતિશીલતા અને પારદર્શિતા લાવવા રાજ્યમાં જે ૫૫ પ્રાન્ત હતા તે વધારીને ૧૧૨ પ્રાંત કર્યા છે તેમજ તાલુકામાં પણ પાંચ-સાત ગામોના કલસ્ટર બનાવી અધિકારીઓને વિકાસ માટે ઈનચાર્જ બનાવવામાં આવ્યા છે. સરપંચો અને અધિકારીઓએ સર્વસંમતિથી ગામના વિકાસનો પ્લાન અમલી બનાવવો જોઈએ.

આમ આખરે વાદ-વિવાદ વચ્ચે પણ વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળે ૨૧ વર્ષ સુધી સુકાન સાંભળ્યા બાદ આજે પુનઃ બનાસડેરીનું સુકાન સંભાળી પોતાની કાબેલીયાત પુરવાર કરી બતાવી આખરે ઘીના ઠામમાં ઘી ઠરી જતા સહકારીક્ષેત્રે લાંબા સમયથી ચાલતા અનેક પ્રકારના તર્ક-વિતર્કોનો આજે અંત આવી ગયો હતો. અને પશુપાલકોએ તથા ડીરેક્ટરોએ પોતાના વિશ્વાસપાત્ર ચેરમેન પરથીભાઈ ભટોળ ઉપર વિશ્વાસ મુકી સત્તા સુપ્રત કરી છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

સરપંચોના મહાસંમેલનની સાથે સાથે

- સરપંચ મહાસંમેલનમાં રાજ્યના ૨૬ જિલ્લાના ૧૪,૦૦૦ સરપંચો જોડાયા હતાં.
- મહાત્મા મંદિરના બે વિશાળ હોલમાં ચાર અલગ અલગ વિભાગમાં સરપંચોની માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.
- મહાત્મા મંદિરના કાર્યક્રમને નિહાળવા માટે ૬ એલ.ઈ.ડી. (સ્ક્રીન) મુકવામાં આવી હતી.
- તમામને સંમેલનમાં 'ગુટખા મુકત' ગુજરાત વાળા બેઝ આપવામાં આવ્યા હતાં.
- મહાત્મા મંદિરમાં આયોજીત સરપંચ સંમેલનમાં ઢોલીઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.
- મહાત્મા મંદિરના પ્રવેશ દ્વારા સલામતી જવાનો દ્વારા લોકો પાસેથી બીડી, સિગારેટ, મસાલા જેવા કેફી દ્રવ્યો બહાર કઢાવવામાં આવ્યા હતા અને વ્યસનો ન કરવા મેસેજ આપવામાં આવ્યા હતાં.
- સંમેલનને અનુલક્ષી શહેરના ૬ સ્થળોએ અલગ અલગ પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી હતી અને પાર્કિંગ સ્થળે જ તમામ લોકોની ભોજન વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી.
- ઈડર તાલુકાના વેરાબર ગામના સરપંચ કનુભાઈ વિરાભાઈ ચેનવા બસ ચૂકી જતા ૧૧૦ કિમીની સફર કાપી સરપંચ સંમેલનમાં હાજરી આપી હતી.
- સરપંચ સંમેલનના દિવસે મુખ્યમંત્રીના સુશાસનના ૪,૦૦૦ દિવસ પૂર્ણ
- સંમેલનમાં કુલ ૨૮૦ બસો મુકવામાં આવી હતી.
- તમામ સરપંચો, અધિકારી, બસના ચાલકો, પોલીસ સ્ટાફ માટે લાડુ, પુરી, ચણા, મીકસ શાક, દાળ ભાત અને છશનું ભોજન પીરસવામાં આવ્યું હતું.
- મહાત્મા મંદિરની આસપાસ કરવામાં આવેલ પાર્કિંગ સ્થળોએ ફાયર બ્રિગેડની ટીમ, ૧૦૮, વાન અને મેડીકલ ટીમ મુકવામાં આવી હતી.
- સંમેલનમાં ભાગ લેવા આવનાર તમામ સરપંચો માટે માર્ગ પર ચા-પાણી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- મહાત્મા મંદિરમાં યોજાયેલ સરપંચોના મહાસંમેલન સમાપ્ત થતા આસપાસના માર્ગો પર ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતાં.
- આ સમગ્ર કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ જવાનો અને કર્મચારીઓ ખડે પગે હાજર રહ્યા હતાં.

શબ્દાવલી - ૪૮૪૬

૧	૨	૩		■	૪	૫	૬
૭			■	૮			
	■		■		■		■
	■	૯	૧૦	૧૧	■	૧૨	
૧૩		■	૧૪			૧૫	■
	■	૧૬	■			■	૧૭
■	૧૮			૧૯	■	૨૦	
૨૧			■	૨૨			

આડી ચાવી

૧. ખણખોદ, ચડવણી જેવો ભાવ દર્શાવતો શબ્દ (૪)
૪. કુટુંબ પરિવાર (૩)
૭. યાત્રા, મુસાફરી (૩)
૮. એક યાદશક્તિ વધારનાર ઔષદી (૪)
૯. પારધી (૩)
૧૨. હિસ્ટીરીયા, એક રોગ (૨)
૧૩. કમી, કસર (૨)
૧૪. થીજવું દેવું (૪)
૧૮. જરા નામની રાક્ષસીએ સજીવન કરેલ રાક્ષસ (૪)
૨૦. દારૂનો પ્યાલો (૨)
૨૧. એક ગીધ પક્ષી શ્રીરામને મદદરૂપ થનાર (૩)
૨૨. પલીતો (૪)

ઊભી ચાવી

૧. મેલી વિદ્યા (૬)
૨. અભિમાન, ગૌરવ (૨)
૩. ફુલાઈ જાય તેવું (૪)
૪. 'તાક' શબ્દ ઊંધો (૨)
૫. ડરાવવું (૨)
૬. હાલરડું (૨)
૧૦. સીંધરી (૨)
૧૧. ખીજનું વિરોધી (૨)
૧૫. વધારે, ખુબ (૨)
૧૬. પારકું (૩)
૧૭. ચણઆનો લોટની તીખી બુંદી (૩)
૧૮. ધ્વજ, વાવટો (૨)
૨૦. ઉઠ, ઊંઘમાંથી... (૨)

શબ્દાવલી ૪૮૪૫ના જવાબ

આડી ચાવી :- (૧) અંતરીક્ષ (૪) રપઅ (૬) જમા (૭) ઉપાર્જન (૯) યાચવું (૧૦) પત (૧૧) અવળચંડુ (૧૪) વિસર્જન (૧૬) ચુલ (૧૭) નિશ્વાસ (૧૮) બાપા (૧૯) સલુકાઈ (૨૦) તજા

ઊભી ચાવી :- (૧) અંતરિયાળ (૨) રીજવવું (૩) ક્ષમા (૫) અર્ચન (૭) ઉપવન (૮) પાતળ (૧૧) અર્જ (૧૨) ચંચુપાત (૧૩) હુલ (૧૪) વિશ્વાસ (૧૫) સસલુ

રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા પ્રદર્શનમાં રજૂ થઇ વિકાસ યશગાથા

પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતિ ઉજવણી નિમિત્તે મહાત્મા મંદિર પરિસરમાં ૪૦૦૦ દિવસની વિકાસ યાત્રાની ઝલક -દર્શન યોજવામાં આવ્યું હતું. મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર -દર્શન નિહાળ્યું હતું. સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે અહી યોજાયેલ સ્વામી વિવેકાનંદ કી જીવન યાત્રાનું -દર્શન નિહાળી મુખ્યમંત્રીશ્રી -ભાવિત થયા હતા. -દર્શનમાં રજૂ થયેલ વિગતોમાં પણ રસ દાખવ્યો હતો. ગાંધીનગરની વિદ્યાલયમાં યોજાયેલ કોન બનેગા વિવેકાનંદ સ્પર્ધામાં વિજેતા બનેલી ત્રણ વિદ્યાર્થીનીઓને મુખ્ય મંત્રીશ્રી હાર્દિક અભિનંદન આપ્યા હતાં. સરપંચ મહાસંમેલનમાં ઉપસ્થિત રહેલા હજજારો સરપંચશ્રીઓએ પણ આ -દર્શન રસ પૂર્વક નિહાળ્યું હતું.

મહાત્મા મંદિર પરિસરમાં રાજ્ય સરકારના ૧૧ જેટલા વિભાગો દ્વારા ગુજરાતનો વણથંભ્યો વિકાસ રજુ કરતાં -દર્શનમાં વિવિધ ક્ષેત્રોમાં રાજ્યએ કેવો વિકાસ સાંધ્યો છે, તેની યશગાથા દર્શાવાઈ છે. વિકાસ સિધ્ધીઓને વર્ણાવતી પુસ્તિકાઓની પણ સરપંચશ્રીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. સરપંચશ્રીઓ ભારે રસપૂર્વક આ પુસ્તિકાઓને વાંચતા નજરે પડયા હતાં.

-દર્શનમાં માહિતી વિભાગનું -દર્શન ૪૦૦૦ દિવસની વિકાસ યાત્રા, આરોગ્ય વિભાગનું મિશન બાલ સુખમૂ, મહિલા અને બાળ વિકાસ વિભાગનું નંદઘર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું ૪૦૦૦ દિવસોમાં વંચિતોની વિકાસ ગાથા ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા બાયોગેસ, ઉર્જા-ખેતીનો આદ્યાર યુવા અને સાંસ્કૃતિક -વૃતિઓ વિભાગનું સ્વામી વિવેકાનંદ કી જીવન યાત્રા જેવા સ્ટોલસમાં દર્શકોનો ભારે ધસારો જોવા મળતો હતો.

તાવના ૧૫ કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે ગાંધીનગર શહેરમાં આ વખતે તંત્ર દ્વારા લેવાયેલા પગલાંઓને કારણે પરિસ્થિતિ મહદ્‌અંશે નિયંત્રણમાં રહી છે. જો કે છુટા છવાયા કેસો મળી રહ્યા છે તંત્ર દ્વારા મળી રહેલા આ કેસોને પગલે એન્ટી લારવેલની કામગીરીને પણ વધુ સઘન બનાવવામાં આવી છે.

બાંધકામ સાઈટો પરથી વારંવાર મળી આવતા મચ્છરોના બ્રિડીંગને પગલે તંત્ર એ આ મુદ્દે બિલ્ડરો સાથે એક બેઠક પણ મ્યુનિ. કમિશનરશ્રીના અધ્યક્ષસ્થાને યોજી હતી એટલું જ નહિ બાંધકામ સાઈટોના સંચાલકોને વારંવાર આ મુદ્દે જરુરી પગલાં લેવા માટે લેખિતમાં માર્ગદર્શન આપતા પત્રો અને સ્મૃતિપત્રો પણ પાઠવવામાં આવ્યા છે.

તંત્ર એ મજૂરોના સ્ક્રીનીંગ માટેનો પણ નિર્ણય કર્યો છે અને રોજેરોજ આ કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. પરંતુ શહેરની વિવિધ બાંધકામ સાઈટો પર ૨૦ હજારથી વધુ મજૂરો કામ કરતા હોવથી તંત્રને પણ મુશ્કેલી પડી રહી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર શહેરમાં આ વખતે જે મેલેરિયાના કેસો નોંધાયા છે તેમાં સૌથી વધુ કેસ આ બાંધકામની સાઈટો પર કામ કરી રહેલા મજૂરોના નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

શંકાસ્પદ દર્દી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો હોવાનું પણ કહેવાય છે. જો કે સિવીલ હોસ્પિટલના સત્તાવાળાઓ પાસે દર્દી અંગેની પુરી વિગતો ઉપલબ્ધ નહિ હોવાથી તેઓ આ મુદ્દે મૌન ધારણ કરી બેઠા છે.

મળતી વિગતો પ્રમાણે કલીનીકલી તપાસ દરમિયાન લેપ્ટોસ્પાઈરેસીસના લક્ષણો તબીબોને જણાયા હતા અને તેના લોહીના નમુના મેળવી તેના પરીક્ષણ માટે પણ અમદાવાદ મોકલવામાં આવ્યા છે.

દરમિયાન ગાંધીનગર શહેરમાં પણ ઊંદરોની સંખ્યા ઘણા સમયથી ચર્ચાસ્પદ બની છે. ઊંદરો દ્વારા વાયર કાપવાના તેમજ ફાઈલો કોતરી ખાવાની અસંખ્ય ફરિયાદો સરકારી કચેરીઓમાં ઉઠવા પામી છે અને આ ઊંદરો પકડવા માટે ખાસ પિંજરા પણ તંત્ર દ્વારા ખરીદવામાં આવ્યા છે.

સચિવાલય સંકુલમાં તો ઊંદર વિરોધી ટ્રીટમેન્ટના ટેન્ડરો પણ બહાર પાડવામાં આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૧/૯/૧૨ શુક્રવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) સેક્ટર-૨૯

ટોરન્ટ પાવર લિમીટેડ

ગુજરાત મેરીટાઈમ બોર્ડ

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા નં. ૧૨/૨૦૧૨-૧૩

કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સામે, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર (ફોન : ૨૩૨૩૮૩૪૬) દ્વારા નીચેના કામો માટે ઓનલાઈન ભાવપત્રક મંગાવવામાં આવે છે.

અનુ	કામનું નામ	(૧) અંદાજીત રકમ (૨) શ્રેણી (૩) ઈ.એમ.ડી.
૧.	એન્યુઅલ મેન્ટેનન્સ એન્ડ રીપેર્સ ટુ જીએમબી સ્ટાફ ક્વાટર્સ એન્ડ ઓફિસ બિલ્ડીંગ એટ ગાંધીનગર	(૧) રૂા. ૭,૫૫,૬૩૪.૨૦ (૨) "ઈ-૨" અને ઉપર (૩) રૂા. ૭,૫૬૦.૦૦

ટેન્ડર ડોકયુમેન્ટ તા. ૧૭/૯/૧૨ થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તારીખ ૨/૧૦/૨૦૧૨, ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. ટેન્ડર ફી - રૂા. ૯૦૦/-, વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા www.gmbports.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી છે.

SANGHI CEMENT | KisaN | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI | BENELAVE | R.FIXIT | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ